## આવતીકાલનો ઉજાસ



શ્રધ્ધા જિજ્ઞેશકુમાર રાવલ
ધોરણ-૯, એમ બી પટેલ
સાર્વજનિક વિદ્યાલય

શ્રધ્ધા અભ્યાસમાં તેજસ્વી હોવા ઉપરાંત સાયન્સ ક્વિઝ, બાલોત્સવ અંતર્ગત રંગોલી સ્પર્ધામાં અને વાનગી સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવેલ છે. જ્યારે રાષ્ટ્રીય રોલ પ્લે સ્પર્ધા 'એઈડ્સ એક લાંછન' નાટકમાં જિલ્લા કક્ષાએ દ્વિતિય ક્રમનું ઈનામ પ્રાપ્ત કર્યું છે. આ સાથે જ તે વિવિધ ઈતર પ્રવૃત્તિઓમાં પણ ઉત્સાહભેર ભાગ લે છે.

# જીલ અને નિધિનું આરંગેત્રમ્ યોજાયું






ગાંધીનગર, તા. ૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર એન લલિતકલા ઍકેડેમી દ્વારા શનિવારે ટાઉન હૉલ ખાતે શકુંતલાબેન ઓઝાની બે શિષ્યાઓ - જીલ અને નિધિનું આરંગેત્રમ્ યોજાયું હતું.

કુ. ઝીલ શ્રી પ્રફુલ્લભાઈ વી પટેલ તથા શ્રીમતી ચેતનાબેન પટેલની સુપુત્રી છે. જ્યારે કુ. નિધિ શ્રી શૈલેષભાઈ આઈ પટેલ તથા શ્રીમતી રેખાબેન ઍસ પટેલની સુપુત્રી છે. બંને નવયુવા કલાકારો આર જી ગર્લ્સ હાઈસ્કૂલ, ગાંધીનગરની વિદ્યાર્થીનીઓ છે. આરંગેત્રમ્ સમારંભના અધ્યક્ષપદે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ ઍમ પટેલ, મુખ્ય મહેમાનપદે ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જ્હા તથા અતિથિ વિશેષપદે સ્વદેશી જાગરણ મંચ, દિલ્લીના અખિલ ભારતીય સંપર્ક પ્રમુખ શ્રી લાલજીભાઈ પી પટેલ, ગુજરાત ટી ટ્રેડર્સ એસોસિએશનના પૂર્વ પ્રમુખ શ્રી ઓધવજીભાઈ જે. પટેલ, જયંતિભાઈ પટેલ અને ડૉ. મણીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે જીલ અને નિધિએ બાલમંદિરથી અત્યાર સુધીનો અભ્યાસ સાથે જ કર્યો છે. બંને એકબીજાની અંતરંગ સખી છે. બંનેએ નૃત્યની તાલીમ પણ સાથે જ કરી અને હવે બંનેનું આરંગેત્રમ્ પણ એક સાથે જ યોજાયું હતું.

જીલને વલ્લભભાઈ પટેલના હસ્તે તથા નિધિને કૃષ્ણકાન્ત જ્હાના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. બંને નૃત્યાંગનાઓએને તેમનાં દાદા-દાદી તરફથી સ્મૃતિ ચિન્હ અર્પણ કરવામાં આવ્યાં હતાં.

કાર્યક્રમમાં પ્રેક્ષકોની શિસ્ત ઊડીને આંખે વળગે તેવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વર્ષાબેન પારેખે કર્યું હતું તથા અંતે આભારવિધિ પૂર્વીબેન પટેલે કરી હતી.

# દરેક વ્યક્તિએ એક કળા તો અપનાવવી જ જોઈએ

## ગુજરાતી રંગભૂમિના સફળતમ નાટક 'પ્રીત પિયુ ને પાનેતર'ના નિર્માતા રાગી જાની આ નાટકને પોતાના પરિવાર માટે આશીર્વાદ ગણાવે છે

(કુંતલ નિમાવત દ્વારા)

ગાંધીનગર, તા. ૬

'જીવન જીવવા માટે પૈસા મેળવવા જોઈએ, પણ સાથે સાથે દરેક વ્યક્તિએ એક કળા તો અપનાવવી જ જોઈએ. કારણ કે કળા જ સાચો આનંદ આપે છે. એના દ્વારા જ વ્યક્તિ જીવનની દરેક ક્ષણને માણી શકે છે. જીવનની દરેક ક્ષણને વ્યક્તિએ માણવી જ જોઈએ.'



આ શબ્દો છે ગુજરાતી રંગભૂમિના સફળતમ નાટક 'પ્રીત પિયુ ને પાનેતર'ના નિર્માતા રાગી જાનીના. ગાંધીનગર બ્રહ્મભવનના લાભાર્થે સમસ્ત બ્રહ્મસમાજ યુવા પાંખ દ્વારા આ નાટકનું મંચન શનિવારે રાત્રે ગાંધીનગર ટાઉન હૉલ ખાતે કરવામાં આવ્યું તે અગાઉ રાગી જાની સાથે થયેલી મુલાકાત દરમ્યાન તેમણે આ શબ્દો ઉચ્ચાર્યા હતા.

નાટક અંગેનો પરિચય આપતાં તેમણે જણાવ્યું હતું કે 'આ નાટક એ ગુજરાતી રંગભૂમિનું સીમાચિન્હરૂપ અને સદાબહાર નાટક છે. ૧૯૬૧માં આ નાટકનું નિર્માણ વિનોદ જાની દ્વારા કરવામાં આવ્યું હતું. એ પછી અત્યાર સુધીમાં નાટકે ગુજરાત, ભારત અને દુનિયાનાં શહેરોમાં ૯ હજાર જેટલા શો કર્યા છે. વિદેશના પ્રવાસે જનારા પહેલા ગુજરાતી નાટક તરીકેનું બહુમાન પણ આ જ નાટક પાસે છે. ૧૯૬૫માં આ નાટક વિદેશની ધરતી પર ભજવાયું તે પછી વિદેશમાં ગુજરાતી નાટકો જોવા-બતાવવાની પરંપરા સ્થાપિત થઈ.

નાટક એવું વખણાયેલું ને પ્રસિદ્ધ છે કે એના શો સ્ટીમરમાંય અમે કર્યા છે. વિદેશ જતી વખતે સ્ટીમરના ખુલ્લા ડૉક પર સૅટ લગાવીને નાટકના પ્રયોગ અમે કર્યા છે.'

૩૫૦થી વધુ કલાકારોએ આ નાટકમાં કામ કર્યુંછે, જેમાં ઘણા ખ્યાત અને નવા કલાકારોનાં નામ છે.

આ નાટકની ધૂરા અને મુખ્ય પાત્ર 'બાવીસ વર્ષના બાબા'ની મુખ્ય ભૂમિકા છેલ્લાં ૧૯ વર્ષથી રાગી જાનીએ સંભાળી છે. એ પછી પણ નાટકની પ્રસિદ્ધિ અને પ્રયોગોમાં સ્હેજમાત્ર ઓટ આવી નથી.

નાટક આટલું સફળ છે એના માટેનાં કારણો તમારા મતે કયાં? એવા સવાલના જવાબમાં રાગીભાઈ જણાવે છે, 'નાટક તદ્દન સરળ ભાષામાં લખાયું છે અને પ્રેક્ષકોના મનોરંજનને જ તેમાં મહત્ત્વ આપવામાં આવ્યું છે. કોઈપણ જાતની શીખ કે સંદેશનો ઉપયોગ તેમાં કરવામાં આવ્યો નથી. ઉપરાંત મહત્ત્વની વાત એ કે આ નાટકમાં વાર્તા પારિવારિક લેવામાં આવી છે. માણસના જીવનમાં રોજ-બ-રોજ ઘટતી ઘટનાઓની વાત આમાં છે, જેના કારણે દરેકને આ નાટક પોતીકું લાગે છે. મારા મતે એ જ તેની સફળતાનું રહસ્ય છે.'

નાટકમાં રાગી જાની 'બાવીસ વર્ષના બાબા'નું કૉમેડી પાત્ર નિભાવી રહ્યા છે. આ પાત્રની વય તો બાવીસ વર્ષની છે પણ માનસિકતા બાળક જેવી છે. આ પાત્રનાં લગ્નની વાત ઘરમાં શરૂ થાય છે ને એ પછી જે પ્રસંગો સર્જાય છે એનું મજેદાર વર્ણન આ નાટકમાં છે.

વિનોદ જાની દ્વારા નિર્માણ પામેલાં ત્રિઅંકી-એકાંકી નાટકો પૈકી આમ તો આઠેક નાટકો બહુ પ્રસિદ્ધિ પામ્યાં છે. પણ એ બધામાં શિરમોર સમું નાટક તો આ જ. જેણે જાની પરિવારને ન માત્ર પ્રસિદ્ધિ અપાવી, પણ પૈસા ને ગૌરવ પણ અપાવ્યું. રાગીભાઈના શબ્દોમાં, 'આ નાટક મારા કુટુંબ માટે તો આશીર્વાદ અને ચમત્કાર જ છે. લોકોને એણે મનોરંજન બક્ષ્યું છે અને અમારાં નામને અમરતા બક્ષી છે.'

## પીટીસી પરીક્ષાનાં કેન્દ્રો બદલાયાં

ગાંધીનગર, તા. ૬

તા. ૭ મે ના રોજ લેવાનારી દ્વિતિય વર્ષ પીટીસીની પરીક્ષાનાં કેન્દ્રો બદલાવામાં આવ્યાં છે. અગાઉ આ કેન્દ્રો શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સૅક્ટર-૨૩ અને આર સી પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ, કડી કૅમ્પસ, સૅક્ટર-૨૩ નિયત કરવામાં આવ્યાં હતાં. પરંતુ તેના સ્થાને હવે એસ કે પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સેન્ટર, કડી કૅમ્પસ, ઘ-૬ પાસે, સૅક્ટર-૨૩ નિયત કરવામાં આવ્યું છે.

## ૧૫ મે થી અમરનાથ શ્રદ્ધાળુઓની પોસ્ટ ઓફિસમાં નોંધણી

શ્રીનગર, તા.૦૬

શ્રી અમરનાથ મંદિર બોર્ડે આજે જણાવ્યુ હતુ કે દેશભરમાં ૧૦૦ પોસ્ટઓફિસ આ વર્ષે વાર્ષિક અમરનાથ યાત્રા માટે શ્રદ્ધાળુઓની નોંધણી કરશે. ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, પંજાબ, હરિયાણા, બિહાર અને ગુજરાતમાં સ્થિત પોસ્ટ ઓફિસમાં અમરનાથ શ્રદ્ધાળુઓની નોંધણી કરવામાં આવશે. બોર્ડે એમ પણ કહ્યુ છે કે આ ૧૦૦ પોસ્ટ ઓફિસની યાદી બોર્ડની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ કરાવી દેવામાં આવી છે.

# વાર્ષિક પરીક્ષા પરિણામ

## શ્રી જયપ્રકાશ વિદ્યાલય

| ધોરણ | રૅન્ક | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|
| જુકેજી | ૧ | પટેલ ઉન્નતિબેન સતીષભાઈ | ૯૩ |
| | ૧ | વાઘેલા આરતીબેન અરવિંદભાઈ | ૯૩ |
| | ૨ | ભારદ્વાજ સુધીર જિતેન્દ્ર | ૯૧.૦૫ |
| | ૩ | રાજભાર આશિષ હિરાલાલ | ૯૦.૦૫ |
| સિકેજી | ૧ | પટેલ રિશિતકુમાર સૂર્યકાન્ત | ૯૭.૨૫ |
| | ૨ | ચૌધરી મિહિર સમીરભાઈ | ૯૫.૨૫ |
| | ૩ | પટેલીયા પ્રણવ ભરતભાઈ | ૯૩.૨૫ |
| ૧ | ૧ | શાહ દેવમ જયમીનકુમાર | ૯૭.૪૫ |
| | ૨ | પટેલ જેવિન રાકેશભાઈ | ૯૭.૦૨ |
| | ૩ | શાહ જીનલ ગિરીશભાઈ | ૯૬.૦૬ |
| | ૩ | પટેલ જીલ અશ્વિનભાઈ | ૯૬.૦૬ |
| ૨ | ૧ | ચૌધરી હાર્મી ભરતભાઈ | ૯૮ |
| | ૨ | પ્રજાપતિ દિપ્પન સોમાભાઈ | ૯૭.૦૭ |
| | ૩ | મિસ્ત્રી જયમીન પરેશભાઈ | ૯૬.૦૪ |
| ૩ | ૧ | રબારી વિશાલ ઝવેરભાઈ | ૯૬.૧૬ |
| | ૨ | ઠાકોર લવસિંહ દુષ્યન્તસિંહ | ૯૬.૦૦ |
| | ૩ | નાયી નિકિતા પ્રવિણભાઈ | ૯૫.૦૫ |
| ૪ | ૧ | રબારી સોનલ કલ્યાનભાઈ | ૯૬.૨૯ |
| | ૨ | રાણા રૂચિ રમેશભાઈ | ૯૬.૧૪ |
| | ૩ | યાદવ વિવેક સંતોષભાઈ | ૯૩.૭૧ |
| ૫ | ૧ | સુથાર શ્વેતા કનૈયાલાલ | ૯૪.૧૧ |
| | ૨ | ચૌધરી વિપલ પરેશભાઈ | ૯૩.૮૯ |
| | ૩ | શાહ મયંક ગિરીશભાઈ | ૯૩.૦૦ |
| ૬ | ૧ | બિહોલા ઉર્વશી દિલીપસિંહ | ૯૦.૬૦ |
| | ૧ | અમીન રાજ વિનોદભાઈ | ૯૦.૬૦ |
| | ૨ | રાઠોડ શીતલ વિક્રમસિંહ | ૮૯.૨૦ |
| | ૩ | રબારી વિશ્વા વિષ્ણુભાઈ | ૮૭.૩૦ |
| ૭ | ૧ | મિસ્ત્રી ધૃમિલ પરેશભાઈ | ૯૬.૩૦ |
| | ૨ | પટેલ અંજલી વિક્રમભાઈ | ૯૨.૨૦ |
| | ૩ | પ્રજાપતિ ધૃમિલ મહેશભાઈ | ૮૮.૭૦ |
| ૮ | ૧ | દરજી ધર્મિષ્ઠા બી | ૮૭.૦૯ |
| | ૨ | ચૌધરી કલ્પેશ આર | ૭૮.૦૩ |
| | ૩ | દરજી જૈમિન જે | ૭૭.૦૩ |
| ૯ | ૧ | સોલંકી સિધ્ધરાજ એન | ૭૬.૨૮ |
| | ૨ | શાહ મિલુ એમ | ૭૫.૨૮ |
| | ૩ | ચૌધરી દિનેશ કે | ૭૨.૭૧ |
| ૧૧ અ સા પ્ર | ૧ | ચાવડા જાગૃતિ ગોવિંદભાઈ | ૭૩.૮૮ |
| | ૨ | ડામોર મિતલબેન અરવિંદભાઈ | ૬૭.૭૭ |
| | ૩ | બારૈયા નીતા પ્રભુભાઈ | ૬૪.૬૫ |
| ૧૧ બ | ૧ | ચાવડા દેવ્યાની રોનકચંદ્ર | ૭૦.૩૩ |
| | ૨ | ડેકલિયા મંજુ કાળાભાઈ | ૬૭.૬૬ |
| | ૩ | સોયા સુનિતા દિનેશભાઈ | ૬૭.૨૨ |

## શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય

| ધોરણ | રૅન્ક | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|
| ૮ અ | ૧ | પંડ્યા ચક્ષુ હિમાંશુ | ૮૫.૨ |
| | ૨ | વાઘેલા માનસી દિનેશભાઈ | ૮૩૭ |
| | ૩ | ચૌહાણ ઉઝમા મહંમદધ્યાશીન | ૮૨.૭ |
| ૮ બ | ૧ | પ્રજાપતિ પ્રિયંકા ભરતભાઈ | ૮૬ |
| | ૨ | રોહડીયા મેઘા કૈલાસસિંહ | ૮૩.૩ |
| | ૩ | પ્રજાપતિ પૂજા દિનેશભાઈ | ૮૨.૯ |
| ૮ ક | ૧ | બિહોલા શ્રધ્ધા ખોડાજી | ૮૧.૩ |
| | ૨ | ઝાલા સુમિત્રા રણજિતસિંહ | ૭૪.૪ |
| | ૩ | ચૌધરી શીતલ કાળુભાઈ | ૭૨ |
| ૯ અ | ૧ | ટાંક ક્રિષ્ના મનીષભાઈ | ૯૩.૭ |
| | ૨ | મહેતા માનસી અશ્વિનભાઈ | ૮૬ |
| | ૩ | ચૌધરી પૂજા ભારમલભાઈ | ૮૫.૫૭ |
| ૯ બ | ૧ | ઠાકર જ્હાનવી પ્રકાશભાઈ | ૮૯.૮૫ |
| | ૧ | પટેલ મેઘા પૂનમચંદ્ર | ૮૯.૮૫ |
| | ૨ | ચંદ્રવર્તી હેમાલી ગૌતમકુમાર | ૮૮.૧૪ |
| | ૩ | ટેઈલર પ્રણાલીબેન જયેશભાઈ | ૮૬.૫૭ |
| ૯ ક | ૧ | વાઘમશી ઉર્વશી જશુભાઈ | ૮૭.૪૨ |
| | ૨ | પટેલ શિવાની મહેશભાઈ | ૮૪.૪૨ |
| | ૩ | ત્રિવેદી ખુશ્બુ બિપીનભાઈ | ૮૩.૮૫ |
| ૯ ડ | ૧ | દેસાઈ જલ્પા ડાહ્યાભાઈ | ૮૫ |
| | ૨ | ગાંધી અંકિતા રાજેશકુમાર | ૮૧.૪૨ |
| | ૩ | સિંધવ કિરણ ભીખાભાઈ | ૭૮.૪૨ |

## બા શ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય

| ધોરણ | રૅન્ક | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|
| જુકેજી | ૧ | પ્રજાપતિ સૃષ્ટિબેન રાજેશભાઈ | ૯૫.૫ |
| | ૨ | વાઘેલા આયુષીબા ભૂપતસિંહ | ૯૩.૨૫ |
| સિકેજી | ૧ | ચાવડા પૂર્વરાજ હરિચંદ્રસિંહ | ૯૪.૨૫ |
| | ૨ | કદમ યુગ હેમંતભાઈ | ૯૩.૭૫ |
| | ૩ | મીર હિરલ મનુભાઈ | ૮૭.૭૫ |
| ૧ | ૧ | હડિયોલ મહેન્દ્રસિંહ એમ | ૮૭.૬ |
| | ૧ | રાજવીરસિંહ વાય | ૮૭.૬ |
| | ૨ | રાવળ આરતીબેન બી | ૮૪.૨ |
| ૨ | ૧ | કુરેશી અલીઝા એ | ૯૨ |
| | ૨ | પટેલ મિત્રાબેન આર | ૯૧.૬ |
| | ૩ | ચૌહાણ પ્રશાંતકુમાર પી | ૯૦.૪ |
| ૩ | ૧ | પરમાર પાર્થ એમ | ૯૨.૮૩ |
| | ૨ | સોની બરખા એમ | ૮૭.૬૬ |
| | ૩ | ભરવાડ હિતેશ એલ | ૮૭.૫૦ |
| ૪ | ૧ | ઠાકોર જયરાજસિંહ એ | ૯૨.૫૭ |
| | ૨ | ખેર હેતલબા કે | ૯૦.૪૨ |
| | ૩ | પ્રજાપતિ ક્રિષ્ના પી | ૯૦.૪૨ |
| ૫ | ૧ | પટેલિયા મહાવીરસિંહ કે | ૯૫ |
| | ૨ | બિહોલા વનરાજસિંહ પી | ૮૮.૫૫ |
| | ૩ | પ્રજાપતિ પલક આર | ૮૭.૧૧ |
| ૬ | ૧ | પટેલ રિદ્ધિ એમ | ૯૨.૩૩ |
| | ૨ | મકવાણા સંધ્યા ડી | ૯૨ |
| | ૩ | ઝાલા મીનાબા એ | ૯૦.૧૧ |
| ૭ | ૧ | સુથાર ભૂમિ એમ | ૯૪.૪૪ |
| | ૨ | દેસાઈ ધાર્મિક એમ | ૯૨.૮૯ |
| | ૩ | પરમાર પ્રિયંકા એમ | ૯૨.૨૨ |

## સૅન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ

| ધોરણ | રૅન્ક | વિદ્યાર્થીનું નામ | માર્ક્સ |
|---|---|---|---|
| ૮ એ | ૧ | ઝવેરી રોહન પી | ૯૮૯ |
| | ૨ | વ્યાસ હર્ષિલ જે | ૯૬૦ |
| | ૨ | બી કે વિશાલ | ૯૬૦ |
| | ૩ | પટેલ નિરાલી એસ | ૯૩૯ |
| | ૩ | મકડિયા જીલ આર | ૯૩૯ |
| ૮ બી | ૧ | પટેલ વિધિ | ૯૯૮ |
| | ૨ | થાનકી કાવ્યા | ૯૯૨ |
| | ૩ | સુશીલ કુશ | ૯૬૭ |
| ૮ સી | ૧ | થાનકી ઈશિતા એન | ૧૦૨૨ |
| | ૨ | ઠક્કર જીત સી | ૧૦૧૬ |
| | ૩ | જોષી સલોની જે | ૯૫૫ |
| ૯ એ | ૧ | પટેલ પાર્થવી એ | ૬૨૨ |
| | ૨ | શાહ વિરાજ વાય | ૬૦૯ |
| | ૩ | પટેલ દેવર્શિ બી | ૬૦૬ |
| ૯ બી | ૧ | જૈન પ્રાંજલ એસ | ૬૩૮ |
| | ૨ | ભટ્ટ ભાર્ગવ | ૬૨૯ |
| | ૩ | મલિક અનુજ | ૬૨૬ |
| ૯ સી | ૧ | ભાવસાર દિક્ષા | ૬૦૯ |
| | ૨ | ચાવડા વિરેનસિંહ | ૫૯૧ |
| | ૩ | ઝાલા આસ્થાબા | ૫૮૬ |
| ૯ ડી | ૧ | વ્યાસ શ્રેયા | ૬૨૮ |
| | ૨ | મહેતા હેતા | ૬૨૩ |
| | ૩ | ચાનપુરા ઉન્નતિ | ૫૮૦ |
| ૯ ઈ | ૧ | ઉપાધ્યાય વ્યોમ એચ | ૭૮૪ |
| | ૨ | મનસુરી સાનિયા એમ | ૭૫૨ |
| | ૩ | લોઢા અયાંશુ પી | ૭૧૪ |

# બાળક એક જ્યોતિ છે, તેને શિક્ષણ દ્વારા પેટાવવાની છે

## બાળકની શક્તિની કોઈ મર્યાદા નથી, તેને માપવા માટેનો આપણો ગજ હંમેશા ટૂંકો અને મર્યાદિત ન બનવો જોઈએ

આજે સમયના વહેણની ગર્તામાં પરીક્ષાઓ અનિવાર્ય અનિષ્ટ બની રહી છે. બંધ કરો આ તાયફા અને તમાશા, રૂક જાઓ હવે આ પરીક્ષાઓથી, હવે તેમાં બદલાવ અનિવાર્ય છે જ અને છે જ. શું આજની આ પરીક્ષાઓ વિદ્યાર્થીનું, તેના વિકાસનું સાચું મૂલ્યાંકન કરે છે ખરી ? આ પરીક્ષાને વિદ્યાર્થીના વ્યક્તિત્વ અને પ્રતિભા સાથે કોઈ સંબંધ કે માપન લાગતું નથી. તે એક સ્મૃતિ શક્તિ અને ગોખણશક્તિનું માપ કાઢે છે અને તે પણ બહુ ચર્ચિત. શિક્ષણ પરીક્ષાલક્ષી છે. જીવનલક્ષી નથી. આ સતત ચર્ચાતો વિવાદ છે. આજે તો પરીક્ષા જાતે જ એક સમસ્યા બનીને ઉભરી રહી છે. પરીક્ષાની પણ પરીક્ષા થઈ રહી છે. પરીક્ષા ન્યાયિક, સ્વચ્છ અને સ્વતંત્ર માહોલમાં લેવાય તો ક્યાંક સારપ રહે પણ આજે તો બંદૂકની અણીએ કહેવાત શાંતિની આબોહવામાં પરીક્ષા દેવાની. શાળા અને સેન્ટરો તથા શાળા રસ્તે પોલીસ, લશ્કર અને બીએસએફ જવાનો તૈનાત. કાલે ઊઠીને કદાચ પરીક્ષા સેન્ટરોના આકાશમાં હેલિકોપ્ટર અને વિમાનોએ શાંતિ માટે પ્રદક્ષિણા કરવી પડે તો કહેવાય નહીં.



સખ્ત ગરમીનો સમય, પેપર, પ્રશ્નો અને તે પણ અઘરા, આકરા, ન આવડતા અને જવાબો. તે સાથે ટકા, ગ્રેડ અને માર્ક્સના માપનની ઘંટીમાં વિદ્યાર્થી આજે સતત પિસાઈ રહ્યો છે. તેના વિદ્યાર્થીના આનંદ, ઉલ્લાસ, નૂર અને હોશકોશ ઉડાડી મૂક્યા છે. પરીક્ષાર્થીને આખું વર્ષ ચકરાવે ચડાવે છે. જેના ટેન્શનમાં બાળક પોતાની અસલિયત અને વ્યક્તિત્વ ખોઈ બેઠું છે. માર્ચ-એપ્રિલ માસમાં વિદ્યાર્થી, મા-બાપ અને આખું કુટુંબ જાણે એક જાતના પરીક્ષા ફીવરથી પીડાતું હોય છે.

આ પરીક્ષા પધ્ધતિ પણ કોણ જાણે એનો પુરાણો ઈતિહાસ સાચવી રાખીને ટકી રહી છે. તે વાંકાબોલી હોય, અટકચાળી હોય, અષ્ટવક્રી હોય કે કદરૂપીહોય છતાં રામાયણની મંથરાની જેમ સ્થાન પામી ચૂકી છે. અરે ભાઈ, પરીક્ષામાં પારખાં ન હોય. પરખ થવી જોઈએ, સત્ય શોધન થવું જોઈએ. પણ કેમ જાણે આજે પણ તેનો કોઈ વિકલ્પ આપણને જડ્યો નહીં. આજે કહેવાતું આ અનિષ્ટ કાયાપલટ માગે છે. આજની પરીક્ષા પધ્ધતિમાં અનેક દૂષણો છે. વિશાળ વર્ગને અન્યાય કરતો એક આયામ આજે વ્યાયમ જ છે. આજની પરીક્ષા પધ્ધતિ અને શિક્ષણ પ્રથા બંને સંકુચિત અને ખાબોચિયા જેવી છે. પરીક્ષામાં વિવિધ પ્રકારની બેશૂમાર ગેરરીતિઓ, માર્ક્સ કૌભાંડ, નજર ચૂકવણીના કસબ અને લાગવગના જોર આચરવામાં આવે છે અને અજમાવવામાં આવે છે. પરિણામે પરીક્ષાની ફલશ્રુતિ શું ? વિદ્યાર્થી વધુ પડતી ચિંદા, ડર, ભય અને ભારણને કારણે કેટલીકવાર નાપાસ થાય છે. ઉદ્વેગ અનુભવે છે. ઉદ્વેગ તીવ્ર હતાશા લાવે છે. અને હતાશા કેટલીક વાર આપઘાત તરફ દોરી જાય છે. આ માપન પ્રથા વિદ્યાર્થીની માનસિકતા પર કુઠારાઘાત કરે છે. ૮૦થી ૯૦ ટકા સફળતા કહેવાય ને ૫૦થી ૬૦ની સફળતા આજે 'ઢ' કહેવાય છે.

**કંઈક કહેવું છે**

આજે સમય બદલાયો, જ્ઞાન-વિજ્ઞાન બદલાયા, દુનિયા વિશાળ બની, પુસ્તકો બદલાયા, અભ્યાસક્રમો બદલાયા. પણ હાય ! પરીક્ષા, તું ન બદલાઈ. ધન્ય છે તારા રૂપ અને કાયાને.

આજની આ પરીક્ષાઓ જ્ઞાનની કસોટી કરે છે. સ્મૃતિ શક્તિની પરીક્ષા કરે છે. આખા વર્ષની મહેનત વિદ્યાર્થી ત્રણ કલાકના પેપરમાં આંકી દે છે અને પરીક્ષક માત્ર પાંચ-આઠ-દસ મિનિટમાં મરજી મુજબ ભ્રામક ગુણાંક કરી દે છે. મૂલ્ય માપી દે અને વિદ્યાર્થીનો વટ-કટ પડી જાય. બસ થઈ ગઈ ઈતિ શ્રી.

આ ગોખણપટ્ટીની સફળતા બાળકને જડ બનાવે છે, તેની મૌલિકતા હણી લે છે. પરીક્ષાને ગુણ, ટકા અને સફળતા સાથે સીધો સંબંધ બંધાયો છે. પરિણામે ટકાની લ્હાયમાં, ભ્રામક ગુણાંકની માયાજાળ વધી જાય છે. જે આવડતને નેવે મૂકે છે. આ તો કેવળ યાદશક્તિ પર જુલ્મ છે. એક જાતનો માનસિક અત્યાચાર છે. ટકા અને ગુણાંકની તેમજ સફળતાની ભયાનક સ્પર્ધા વિદ્યાર્થીને કોરી ખાય છે. ક્યારેક આપણે બાળકની પરીક્ષાલક્ષી મનોવ્યથાને સમજવા કોશિષ કરી ખરી ? આપણી વધુ પડતી અપેક્ષાએ કાળો કેર વર્તાવ્યો છે. બાળ માનસને ખતમ કરી નાખ્યું છે. બાળક તેનું ઉમદાપણું અને વ્યક્તિત્વ બંને ખોઈ બેઠું છે. શાળા અને ઘર બંને બાળકને મનોવ્યથા વધારનારા દબાણપંપો બન્યા છે. પરીક્ષા એટલે જાણે હરવા-ફરવાનું બંધ, ટીવી જોવાનું બંધ, મોજ મસ્તી બંધ, આરામ-હરામ અને કેવળ રાત્રીના ઉજાગરા, એક જાતના જાણે કરફ્યુની લહેર.

મનોવિજ્ઞાન કહે છે કે આપણી વધુ પડતી અનપેક્ષિત અપેક્ષાઓ બાળક ઉપર ઠોકી બેસાડવાની ચેષ્ટા અને દબાણ કુમળા બાળકના માનસ ઉપર વિપરીત અસરો જન્માવે છે. બાળક એ કાંઈ ચીજવસ્તુ નથી કે ખાલી વાસણ નથી કે તેને ભરી દેવાય. બાળક એક જ્યોતિ છે, તેને શિક્ષણ દ્વારા પેટાવવાની છે, તેના વ્યક્તિત્વને અને તેનામાં રહેલ સારપને ખીલવવાની છે.

આજની શિક્ષણ વ્યવસ્થા ઉપરોક્ત બાબતનો જવાબ આપશે ખરી ? પરીક્ષા જીવન માટે છે. જીવન પરીક્ષા માટે નથી એ ન ભૂલવું જોઈએ. જે શિક્ષણ બાળકને મુક્ત બનાવે, મુક્ત જીવનના પાઠ શીખવે તે જ સાચું શિક્ષણ-વિદ્યા કહેવાય. કેવળ માર્ક્સ કે ટકા નહીં. ટકા કે માર્ક્સ બાળકના સિમ્બોલ ન બનવા જોઈએ. તેનામાં રહેલી સારપની ઓળખ થવી જોઈએ. પરીક્ષામાં માપન કેવળ જ્ઞાનનું નહીં, તેની સમજણશક્તિનું, આવડતનું, સારપનું, તેની કલાનું, સદ્ગુણોનું, ઉમદાપણાનું, વિધેયાત્મક અને વિકાસાત્મક મૂલ્યાંકન થવું જોઈએ.

ઉચ્ચ ટકાવારી કદાચ લખલૂંટ પ્રેક્ટીસ કરતા ડૉક્ટરોને જન્મ આપશે. મની સેન્ટ્રેડ એન્જિનીયરો અને કહેવાતા શિક્ષક-વિદોને જન્મ આપશે અને પોષશે. બાળકની શક્તિની કોઈ મર્યાદા નથી. તેને માપવા માટેનો આપણો ગજ હંમેશા ટૂંકો અને મર્યાદિત ન બનવો જોઈએ.

ચાલુ શિક્ષણ અને પરીક્ષા પદ્ધતિનો સૌથી કરૂણ શિકાર વિદ્યાર્થી અને મા-બાપ બંને છે. બાળક પ્રત્યક્ષ અને મા-બાપ પરોક્ષ રીતે શિકાર બને છે. નાનપણથી જ મા-બાપ બાળકને કંઈક વિશેષ બનાવવા વધુ પડતી, મર્યાદા બહારની કાળજી લે છે. નાનપણથી જ તેને હોમવર્કમાં વ્યસ્ત બનાવી દે છે. રમવા-ફરવા-રખડવાની તેની ઉંમર અને સ્વપ્નો ક્યાંય રગદોળાઈ જાય છે. મારા એક મિત્રના ૩ વર્ષના દીકરાને કીજીમાં દાખલ કર્યો અને કહેવાતા બાલ મંદિરથી ઘરે આવ્યા પછી ઘેર બે-ત્રણ કલાકના ટ્યુશન લેવા સ્પેશિયલ શિક્ષક ઘરે આવે, માત્ર ને માત્ર બાળકને ઠોંસીને ભરી દેવા-ભણાવી દેવા આ કેવી રમત રમાઈ રહી છે ? માત્ર અપેક્ષા કેવી... ડોક્ટર બનાવવા, એન્જિનીયર, ઑફિસર, કલેક્ટર અથવા નમૂનેદાર ઉચ્ચ પદાધિકારી બાબુ બનાવવાની લ્હાયમાં કેવી ભૂતાવળ લાગી છે ?

તમે ક્યારેય પેલા બાળકને પસંદગીને વાચા આપી છે ખરી ? તેની મનોવ્યથાને સમજવા કોશિશ કરી ખરી ? તેને સાંભળવાની તક આપી ખરી ? અહીં બાળકને કંઈક કહેવું છે, સાહેબ અને પપ્પા, મને ઓળખો. મારે પણ તમને કંઈક કહેવું છે. મને સાંભળશો ? છે ધીરજ આપણને ?

આજની પરીક્ષા પદ્ધતિના પરિણામોએ પણ આશ્ચર્ય અને વિસ્મયતા સર્જી છે. કહેવાતા 'ઢ' વિદ્યાર્થીઓ પરીક્ષામાં નાકાબ કસબો અજમાવીને, નજરચૂકના ખેલ પાડીને કહેવાતા પ્રાથમિક, માધ્યમિક, શિક્ષકો કે ગુરુજીઓ બની બેઠા છે. જેઓ શાળા કક્ષાએ ટેસ્ટમાં કદી પણ પાસ ન થાય હોય તેવા બોર્ડની પરીક્ષામાં યેનકેન પ્રકારે સારી ટકાવારી, ગુણાંકન લાવીને પ્રમાણિક, મહેનતુ અને ઉમદા વિદ્યાર્થીઓને અન્યાય નથી કરી રહ્યા ? આ કેવો ન્યાય ?

આ સઘળી મનોવ્યથા અને મનોવ્યાયામ શિક્ષણ નીતિ અને પરીક્ષા પદ્ધતિના બદલાવને ઝંખે છે. તેનો સમય પાકી ગયો છે. રૂક જાવ હવે આ પરીક્ષાઓથી.

પરીક્ષા પદ્ધતિ અને સ્વરૂપ વિદ્યાર્થીઓનું યોગ્ય મૂલ્યાંકન કરે તેમાં ડહાપણ છે. જો અતિ મહત્ત્વ આપે તેમાં શાણપણ નથી જ, એ દરેકે યાદ રાખવું જોઈએ.

- નારાયણ સુથાર